શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
SHRI K. P. SANGHVI HOSPITAL
શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૪૭૭૭૮૮, ૨૪૬૨૦૭૭-૮૮
જનરલ મેડીસીન ઓ.પી.ડી.
અનુભવી નિષ્ણાંત જનરલ ફીઝીશીયનની સેવા ઉપલબ્ધ
ડૉ. ગોપાલ કે. શાહ – M.D. Medicine
સોમ – બુધ – શુક્ર : સવારે ૧૦ થી ૧૧, સાંજે ૪ થી ૫
ડૉ. શશાંક પી. પાસવાલા – M.D. Medicine
મંગળ – ગુરૂ – શનિ : સવારે ૧૦ થી ૧૧, સાંજે ૪ થી ૫
ડૉ. નૈમિષ જે. ગાંધી – M.D. Medicine
સોમ થી શનિ : બપોરે ૧ થી ૨
ગેસ્ટ ઓ.પી.ડી. કન્સલ્ટન્ટ ફીઝીશીયન
ડૉ. એમ. આર. સૈયદ – M.D. Medicine
સોમ થી શુક્ર : બપોરે ૩ થી ૬



# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા



પંચકર્મ -અગ્નિકર્મ -વેધનકર્મ-મર્મરૂઠ: (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડની હોસ્પિટલ
વૈદરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદા વૈદશાળા ||
નિરામય આયુર્વેદિક હોસ્પીટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
આયુર્વેદ ઔષધ-પંચકર્મ દ્વારા શક્તિશાળી ઈમ્યુન સીસ્ટમ જે
કેન્સર (કર્કટાર્બુદ)
CKD (કિડનીના રોગો) અને
કાર્ડીયાક (હૃદયરોગો)
સામે દર્દીઓના સ્વાસ્થયનું રક્ષણ કરે છે....
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph.: (0261) 2470875, Mo.: 75748 61856
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. 75748 61853



માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૪ * * * સંવત ૨૦૮૨ આસો સુદ સાતમ રવિવાર ૧૮ ઓક્ટોબર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૩૦૪

પાનાં ૧૨+૮ કિંમત ₹ ૬.૦૦


# ભારત અને અન્યો પર 100% ટેરિફ ટળ્યો

**અમેરિકાના** રાષ્ટ્રીય હિતનું કારણ આપી ટ્રમ્પે ટેરિફ અને પ્રતિબંધો જતા કર્યા

**ભારત** અને ચીન સહિતના દેશો પરના ગ્રેહામ એક્ટ હેઠળના ૧૦૦ ટકા સુધીના ટેરિફ લાગુ નહીં પડે

**સપ્ટેમ્બરમાં** રચાયેલા આ કાયદા હેઠળ રશિયાને લાગુ પડતા પ્રતિબંધો પણ જતા કરવામાં આવ્યા

### રશિયાને પ્રતિબંધોમાંથી છટકવામાં મદદ કરતા દેશો પરના ટેરિફ પણ માફ થશે

ટ્રમ્પનો હાલનો આ કારોબારી આદેશ એક્ટ અથવા આદેશની કલમ ૧૧૨ અને ૧૧૩ મુજબ લાગુ પડતા દંડ/ટેરિફને માફ કરે છે. આ છૂટછાટ રશિયન મૂળના ક્રૂડ ઓઇલ અને કુદરતી ગેસના પાંચ સૌથી મોટા ખરીદદારોને નિશાન બનાવતા નવા ટેરિફની સાથે સાથે રશિયન પ્રતિબંધોમાંથી છટકી જવામાં મદદ કરતા દેશો પરના ટેરિફને પણ આવરી લે છે. પરંતુ તે અન્ય અમેરિકી ટેરિફને અસર કરતું નથી જે તે દેશોની આયાત પર લાગુ થઈ શકે છે.

### પુતિનને ખુશ કરવા આ આદેશ જારી કરાયો: પીઢ સેનેટર

પીઢ અમેરિકી સેનેટર રિચાર્ડ બ્લુમેન્થલે 'X' પર એક પોસ્ટમાં આ પગલાની ટીકા કરી હતી. આ ડેમોક્રેટ સેનેટરે કહ્યું, "આ માફીને આપણી રાષ્ટ્રીય સુરક્ષા સાથે કોઈ લેવાદેવા નથી, પરંતુ વ્લાદિમીર પુતિનને ખુશ કરવા સાથે જ તેને લાગેવળગે છે. મને આશા છે કે મારા રિપબ્લિકન સહયોગીઓ આ કાયરતાપૂર્ણ પગલાની નિંદા કરવામાં મારી સાથે જોડાશે."

**વોશિંગ્ટન, તા. 17 (PTI):** અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયન તેલ અથવા ગેસના પાંચ સૌથી મોટા ખરીદદારો પાસેથી આયાત કરવામાં આવતા સામાન પરના ૧૦૦ ટકા સુધીના ટેરિફ અને રશિયાને નિશાન બનાવતા નવા કાયદા હેઠળની ચોક્કસ પ્રતિબંધોની જોગવાઈઓને અમેરિકાના રાષ્ટ્રીય હિતનું કારણ આપીને જતા કર્યા છે.

શુક્રવારે રાત્રે હસ્તાક્ષર કરાયેલા એક એક્ઝિક્યુટિવ ઓર્ડરમાં, ટ્રમ્પે રશિયા સાથે અમેરિકા અને વૈશ્વિક બજારોમાં ડીઝલના પુરવઠા માટે કરાર કર્યાના દિવસો પછી, 'લિન્ડસે ઓ ગ્રેહામ સેન્ક્શનિંગ રશિયા એન્ડ ઈરાન એક્ટ' હેઠળના ચોક્કસ પ્રતિબંધો, મર્યાદાઓ અને જકાતોની અમલવારી મુલતવી રાખી છે. ટ્રમ્પે કહ્યું, હું આથી ગ્રેહામ એક્ટમાં જોગવાઈ કરાયેલા આવા પ્રતિબંધો, નિયંત્રણો અને જકાતોની અમલવારી જતી કરું છું. ટ્રમ્પે જણાવ્યું હતું કે તેમણે કોંગ્રેસને એક પ્રમાણપત્ર સુપ્રત કર્યું છે જેમાં જણાવાયું છે કે આ સમયે આ છૂટછાટ આપવી એ અમેરિકાના રાષ્ટ્રીય હિતમાં છે.

ગ્રેહામ એક્ટ હેઠળ ટ્રમ્પને મોસ્કો પર વ્યાપક પ્રતિબંધો લગાવવાની અને ચીન તેમજ ભારત સહિત રશિયન ક્રૂડ ઓઇલ અથવા કુદરતી ગેસના પાંચ સૌથી મોટા ખરીદદારો પાસેથી અમેરિકામાં આયાત થતા સામાન પર ૧૦૦ ટકા સુધીનો ટેરિફ નાખવાની સત્તા મળી હતી. આ કાયદો ૧૬ સપ્ટેમ્બરે અમેરિકી સંસદ દ્વારા પસાર કરવામાં આવ્યો હતો અને બે દિવસ પછી ટ્રમ્પે તેના પર હસ્તાક્ષર કરીને તેને કાયદાનું રૂપ આપ્યું હતું. તેણે ટ્રમ્પને રશિયન ક્રૂડ ઓઇલ અથવા ગેસના પાંચ સૌથી મોટા આયાતકારોના સામાન પર ૧૦૦ ટકા સુધીના ટેરિફ નાખવાની મંજૂરી આપી હતી. ટ્રમ્પે કહ્યું, ગ્રેહામ એક્ટની કલમ ૧૧૫(a) અનુસાર, હું આથી ગ્રેહામ એક્ટ અથવા આ આદેશની કલમ ૧૧૨ અને ૧૧૩માં આપેલી કોઈપણ જકાતની અમલવારી જતી કરું છું. એક્ટની કલમ ૧૧૫ પ્રમુખને કોંગ્રેસને લેખિત પ્રમાણપત્ર અને નિર્ણયના આધારની સમજૂતી આપતો અહેવાલ સુપ્રત કરીને રાષ્ટ્રીય હિતમાં પ્રતિબંધોની જોગવાઈઓ, મર્યાદાઓ અને જકાતોને માફ કરવાની મંજૂરી આપે છે. આ કાર્યકારી આદેશ જણાવે છે કે ટ્રમ્પે બંને દસ્તાવેજો સુપ્રત કરી દીધા છે. ગ્રેહામ એક્ટની કલમ ૧૧૩ એવા દેશો પર ૧૦૦ ટકા સુધીના ટેરિફ લાદવા સાથે સંબંધિત છે જેઓ રશિયન મૂળનું ક્રૂડ ઓઇલ કે કુદરતી ગેસ ખરીદે છે અથવા પ્રતિબંધોમાંથી બચવામાં મદદ કરે છે.

**અનેક સ્થળે તોડફોડ અને આગજનીના બનાવો, ૧૯૦થી વધુની ધરપકડ**

## ફ્રાન્સમાં વિદ્યાર્થી આંદોલન પછી દેશભરમાં મોંઘવારી વિરોધી હિંસક દેખાવો





**ટુરિસ્ટ** ઓફિસની ઈમારત સળગાવાઇ, પાડોશના બેલ્જિયમમાં પણ વિદ્યાર્થી આંદોલને વેગ પકડ્યો

**પેરિસ, તા. 17:** જીવનજરૂરી ચીજવસ્તુઓના વધતા ભાવ સામેના દેશવ્યાપી દેખાવો અને હાઈસ્કૂલના વિદ્યાર્થીઓની ફરિયાદોના સમર્થનમાં નીકળેલા મોરચાના ભાગરૂપે પેરિસમાં કાર અને છાપાની કિયોસ્કને આગ ચાંપવામાં આવી હતી, જ્યારે પોલીસે હિંસક વિરોધકારોને ખદેડવા માટે ટીયર ગેસ અને વૉટર કેનનનો ઉપયોગ કર્યો હતો. આ ઉપરાંત, અન્ય મોટા શહેરોમાં પણ આવા જ તણાવના દ્રશ્યો જોવા મળ્યા હતા. અનેક કાર આગને હવાલે કરાઇ છે.

ફ્રાન્સના ત્રીજા સૌથી મોટા શહેર લ્યોનમાં, એક ટૂરિસ્ટઓફિસની અંદર આગ ફાટી નીકળી હતી. તોફાનીઓએ તે સળગાવી હતી. આ ઇમારતમાંથી ધુમાડો અને જ્વાળાઓ બહાર આવતી જોવા મળી હતી. દક્ષિણના બંદરગાહ શહેર મર્સેઈમાં કેટલીક દુકાનો અને મ્યુનિસિપલ પોલીસ સ્ટેશનને નુકસાન પહોંચ્યું હતું, જ્યારે કેટલાક વિરોધકારો બળજબરીથી સિટી હોલની લોબીમાં ઘૂસી ગયા હતા. સપ્ટેમ્બરના મધ્ય ભાગથી શાળા તાળાબંધી દ્વારા વિરોધ કરી રહેલા વિદ્યાર્થી સંગઠનોએ પણ તેમના સમર્થકોને તેમાં જોડાવા આહ્વાન કર્યું હતું.

ફ્રાન્સના મુખ્ય કામદાર યુનિયનોમાંના એક, CGT એ પણ આ વિરોધ પ્રદર્શનોને ટેકો આપ્યો હતો અને ઊંચા પગાર અને પેન્શન, નીચા ભાવ અને લોકોની જરૂરિયાતો પૂરી કરતી જાહેર સેવાઓના રક્ષણ માટે માંગ કરી હતી. સત્તાવાળાઓએ દેશભરમાંથી ઓછામાં ઓછી ૧૬૬ ધરપકો નોંધાઈ હોવાની જાણ કરી હતી.

ફ્રાન્સના તોફાનોની અસર પાડોશના બેલ્જિયમમાં પણ થઇ છે અને ત્યાં પણ વિદ્યાર્થી આંદોલન ઉગ્ર બન્યું છે. વધતા શિક્ષણ ખર્ચ અને ઉચ્ચ શિક્ષણ લેવાનું વધુ મુશ્કેલ બનાવતા સુધારાઓના વિરોધમાં દેખાવો કરતા વિદ્યાર્થીઓની બ્રસેલ્સમાં પોલીસ સાથે અથડામણ થઇ હતી.




### અડવાણી દિલ્હીની હોસ્પિટલમાં દાખલ; હાલત સ્થિર

**નવી દિલ્હી, તા. 17 (PTI).** ભાજપના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ નાયબ વડા પ્રધાન લાલ કૃષ્ણ અડવાણીને છાતીના ચેપ સાથે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અધિકારીઓએ શનિવારે જણાવ્યું હતું. હોસ્પિટલે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 98 વર્ષીય બીજેપીના દિગ્ગજ નેતા હાલમાં ન્યુરોલોજીના સિનિયર કન્સલ્ટન્ટ ડો. વિનીત સૂરીની દેખરેખ હેઠળ ઇન્દ્રપ્રસ્થ અપલો હોસ્પિટલના આઈસીયુમાં છે. તેમની હાલત સ્થિર છે અને તેઓ કડક તબીબી દેખરેખ હેઠળ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, અડવાણીને શુક્રવારે સાંજે લગભગ 7:30 વાગ્યે જસોલા વિહાર સ્થિત હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. અડવાણીએ ઘણી વાર બીજેપી અધ્યક્ષ તરીકે સેવા આપી હતી અને 2002થી 2004 સુધી ભારતના નાયબ વડા પ્રધાન હતા. તેમણે એક મેજર રાષ્ટ્રીય રાજકીય શક્તિ તરીકે પક્ષના ઉત્થાનમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

## અભિજીત દીપકે જામીન પર મુક્ત: બીજું શાંતિ બોન્ડ લખાવાયું

**વિદ્યાર્થી** નેતા નેહા બોરાને પણ છોડી મૂકાયા

**પહેલી** નવેમ્બરે રામલીલા મેદાન પર કોંગ્રેસની એસઆઇઆર વિરોધી રેલી






**નવી દિલ્હી, તા. 17 :** કોકરોચ જનતા પાર્ટી (CJP)ના સ્થાપક અભિજીત દીપકેને શનિવારે શરતી જામીન મંજૂર કરવામાં આવ્યા હતા અને શાંતિ બોન્ડ પર સહી કરવા માટે જણાવવામાં આવ્યું હતું, તેમ પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

શુક્રવારે દિલ્હીના ઝંડેવાલાન વિસ્તારમાં આવેલા પોતાના ઘરેથી કૉનોટ પ્લેસ ખાતે CJPના "લહેરા દો તિરંગા" વિરોધ પ્રદર્શનમાં ભાગ લેવા નીકળ્યાના થોડા જ સમયમાં દીપકેની અટકાયત કરવામાં આવી હતી. ૧૦ ઓક્ટોબરે તેમના દ્વારા આપવામાં આવેલા શાંતિ બોન્ડનું કથિત રીતે ઉલ્લંઘન કરવા બદલ શનિવારે સવારે તેમની ધરપકડ કરવામાં આવી હતી. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, "શાંતિ બોન્ડમાં આપવામાં આવેલી ખાતરીના આધારે તેમને છોડી મુકવામાં આવ્યા હતા. અમે વધુ વિગતો માટે લેખિત આદેશની રાહ જોઈ રહ્યા છીએ." દીપકેને મંદિર માર્ગ પોલીસ સ્ટેશન ખાતે સ્પેશિયલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ


...અનુસંધાન પાના 11 પર


## કેન્સરની ૧૩૭ દવાઓ પર નફાના માર્જીન પર ૩૦ ટકાની ટોચમર્યાદા

**નવમી** નવેમ્બરથી આનો અમલ શરૂ થશે, આ દવાઓના ભાવ ૭૦ ટકા જેટલા ઘટવાની આશા

**નવી દિલ્હી, તા. 17 (PTI):** દવાઓના ભાવ નિયામક NPPAએ શનિવારે એક સત્તાવાર નિવેદન અનુસાર, ૧૩૭ નોન-શિડ્યુલ્ડ કેન્સર વિરોધી દવાઓ પર ટ્રેડ માર્જિન ૩૦ ટકા સુધી મર્યાદિત કર્યું છે.

કેમિકલ્સ અને ફર્ટિલાઇઝર્સ મંત્રાલયના નિવેદનમાં જણાવ્યા અનુસાર, ૯ નવેમ્બરથી અમલમાં આવનાર આ પગલાથી આ મહત્વપૂર્ણ જીવનરક્ષક દવાઓની રિટેલ કિંમતોમાં તેમના હાલના કિંમત માળખાના આધારે ૭૦ ટકા સુધીનો ઘટાડો થવાની ધારણા છે. શનિવારે બહાર પાડવામાં આવેલા ગેઝેટ નોટિફિકેશન બાદ, ફાર્માસ્યુટિકલ્સ વિભાગ હેઠળ કામ કરતી નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી(NPPA)એ ડ્રગ્સ (પ્રાઈસિસ કન્ટ્રોલ) ઓર્ડર, ૨૦૧૩ના પેરાગ્રાફ ૧૯ હેઠળ ટ્રેડ માર્જિન રેશનલાઈઝેશન(TMR) પદ્ધતિ લાગુ કરી છે.

આ નિર્ણય ડિરેક્ટોરેટ જનરલ ઓફ હેલ્થ સર્વિસીસ (DGHS) હેઠળ રચાયેલી નિષ્ણાત સમિતિની ભલામણો પર આધારિત છે, જેમાં દેશભરના અગ્રણી ઓન્કોલોજિસ્ટ્સ, મેડિકલ સ્પેશિલિસ્ટ્સ, હોસ્પિટલ નિષ્ણાતો અને સરકારી અધિકારીઓ સામેલ હતા. સમિતિએ માર્જિન ઘટાડવા માટે ૧૩૭ દવાઓની ભલામણ કરી છે, અને આ યાદીને સમયાંતરે અપડેટ કરવામાં આવશે. આ નિર્ણય NPPAની ૨૦૧૯ની પાયલોટ TMR પહેલની સફળતા પર આધારિત છે, જેમાં ૪૨ કેન્સર વિરોધી દવાઓ પર ટ્રેડ માર્જિન ૩૦ ટકા સુધી મર્યાદિત કરવામાં આવ્યું હતું, જેના પરિણામે ૫૨૬ બ્રાન્ડ્સમાં MRPમાં ૯૦ ટકા સુધીનો ઘટાડો થયો હતો. નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે આ નવું પગલું કેન્સરની દવાઓની ઘણી મોટી શ્રેણીને આવરી લેવા માટે તે માળખાને વધુ વ્યાપક બનાવે છે. દવા ઉત્પાદકોએ તેમની સત્તાવાર વેબસાઈટ્સ પર સુધારેલી કિંમતોની યાદી પ્રકાશિત કરવી પડશે અને રિટેલર્સ તથા


...અનુસંધાન પાના 11 પર


**વય-આધારિત વાજબી નિયંત્રણો રાખી શકાય**

## ઇન્ટરનેટ સુધી પહોંચ એ બાળકો માટે પણ મૂળભૂત અધિકાર: સુપ્રીમ કોર્ટ

**બાળ** સુરક્ષા અને સ્વતંત્રતા એકબીજાથી વિરુદ્ધ નથી; ઓનલાઇન જાતીય શોષણ રોકવા માટે કડક માળખું બનાવવાની હાકલ, પણ એક્સેસ છીનવવો અયોગ્ય

### બાળ જાતીય સામગ્રીની ઓળખ માટે રાષ્ટ્રીય ડેટાબેઝ તૈયાર કરવાનું સૂચન

સુપ્રીમ કોર્ટે બાળ જાતીય શોષણ સામગ્રીની ઓળખ અને તેને હટાવવાની પ્રક્રિયાને મજબૂત બનાવવા માટે કેન્દ્ર સરકાર તેમજ ઇન્ટરનેટ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સને વિગતવાર સૂચનાઓ જારી કરી છે. કોર્ટે કેન્દ્રને પર્સેપ્ચ્યુઅલ હેશીઝ અને URLsના રાષ્ટ્રીય ડેટાબેઝ માટે માર્ગદર્શિકા તૈયાર કરવા નિર્દેશ આપ્યો છે. આનાથી પ્લેટફોર્મ્સને તમામ સેવાઓ પર મેચિંગ સામગ્રી ઓળખવામાં અને સુમેળભરી રીતે તેને શોધીને દૂર કરવામાં મદદ મળશે. જો કે, અદાલતે ભારપૂર્વક જણાવ્યું હતું કે આવી પ્રણાલીઓમાં ખોટી રીતે સામગ્રી ડિલીટ થવા સામેના રક્ષણાત્મક ઉપાયો પણ સામેલ હોવા જોઈએ. માત્ર એક જ ફરિયાદના આધારે સામગ્રીને યાંત્રિક રીતે દૂર કરવી કે મેચિંગ ડેટાબેઝમાં ઉમેરવી જોઈએ નહીં. આ પ્રકારની કાર્યવાહી કરતા પહેલા મલ્ટિપલ સેફગાર્ડ્સ અને વેરિફિકેશન થવું જરૂરી છે. અદાલતે પ્રાથમિક શાળાના સ્તરથી જ વ્યાપક જાગરૂકતા કાર્યક્રમો અને સંવેદનશીલતા કેળવવાની પણ હાકલ કરી છે. આનો હેતુ બાળકોને ઓનલાઇન જોખમો સમજવામાં મદદ કરવાનો છે અને જ્યારે તેઓ શોષણ કે ધમકીઓનો સામનો કરે ત્યારે તેમને મદદ મેળવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.

**નવી દિલ્હી, તા. 17:** સુપ્રીમ કોર્ટે ઈન્ટરનેટ વપરાશ પર ઉંમર આધારિત સંપૂર્ણ પ્રતિબંધોને ફગાવી દેતા જણાવ્યું છે કે, બાળકોને ઈન્ટરનેટ વાપરવાનો અને તેનો ઉપયોગ કરવાનો મૂળભૂત અધિકાર છે. જો કે, કોર્ટે તમામ પ્લેટફોર્મ્સ પર બાળ જાતીય શોષણ સંબંધિત સામગ્રીની ઝડપી ઓળખ અને તેને દૂર કરવા સહિત બાળકોને ઓનલાઈન જાતીય શોષણથી બચાવવા માટે વધુ કડક માળખું બનાવવાની હાકલ કરી છે.

અદાલતે નોંધ્યું હતું કે બાળકોની સુરક્ષા અને ઈન્ટરનેટનો ઉપયોગ કરવાની તેમની સ્વતંત્રતા એકબીજાની વિરુદ્ધ નથી. બાળકોને ઈન્ટરનેટ વાપરવાથી સંપૂર્ણપણે વંચિત રાખવું એ અયોગ્ય ગણાશે, તેમ કહેતા કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે સુરક્ષાના ઉપાયો બાળકોના અધિકારો છીનવ્યા વગર તેમની રક્ષા કરનારા હોવા જોઈએ. અદાલતે એવી પણ ચેતવણી આપી હતી કે ઉંમર આધારિત પ્રતિબંધો બાળકોને અનિયંત્રિત અને સંભવિતપણે વધુ ખતરનાક વેબસાઈટ્સ તરફ ધકેલી શકે છે. કોર્ટે જણાવ્યું હતું કે જે બાળકોને ઓનલાઈન લલચાવવામાં આવે છે અથવા ધમકી આપવામાં


...અનુસંધાન પાના 11 પર


### તા. ૧૭-૧૦-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | 00.00 મીમી | ૬૬૨.૦૦ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૭.૨૦ સે. | ૨૪.૮૦સે. | ૪૪% |


